# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/157 Dt. 25/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ગ્રીન બોન્ડ ઇશ્યુ સંદર્ભે ઇન્વેસ્ટર અવેરનેસ મીટ યોજાઇ

## સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રીન બોન્ડ ઇશ્યુ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી ઇન્ટરનેશનલ ગ્રીન સર્ટિફિકેશન, ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રકચર, બેનિફિટ્સ અને ઈમ્પેકટ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મંગળવાર, તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે ગ્રીન બોન્ડ સંદર્ભે ઇન્વેસ્ટર અવેરનેસ મીટ યોજાઇ હતી, જેમાં સુરત મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગ્રીન બોન્ડ ઇશ્યુ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી ઇન્ટરનેશનલ ગ્રીન સર્ટિફિકેશન, ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રકચર, બેનિફિટ્સ અને ઈમ્પેકટ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત શહેરનો વિકાસ હવે પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવો સમયની માંગ છે. ગ્રીન બોન્ડ જેવા નાણાકીય સાધનો વડે શહેરમાં પર્યાવરણમિત્ર પ્રોજેકટ્સને વેગ મળશે અને શહેરને સ્માર્ટ તથા સસ્ટેનેબલ બનાવવામાં મદદરૂપ થશે. તેમણે કહયું કે, ઉદ્યોગ જગત અને રોકાણકારો આ પહેલ સાથે જોડાય તો સુરત શહેર વિશ્વસ્તરે એક અનોખું મોડેલ બની શકે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે, ગ્રીન બોન્ડ એક નવો અને વિશ્વસનીય નાણાંકીય સાધન છે, જેના માધ્યમથી પર્યાવરણને અનુકૂળ પ્રોજેક્ટ્સને નાણાંકીય આધાર મળી શકે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આવનારા વર્ષોમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન મળે તે હેતુસર વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવાના છે, જેમાં ગ્રીન બોન્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સુરત શહેરના ઝડપી વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન જળવાઇ રહે તે માટે ગ્રીન બોન્ડ એક અસરકારક ઉપાય સાબિત થશે. રોકાણકારો માટે પણ આ એક સુરક્ષિત અને ફાયદાકારક તક બની શકે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારોને સમજણ આપતા જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકાર, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા ડોરવર્ડસ ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહી છે. અત્યારે ગ્લોબલ વોર્મિંગ છે. હાલમાં એર કવોલિટી અને કલાઇમેટ ઇશ્યુઝ ઉભા થઇ રહયા છે ત્યારે કાર્બન એમીશન અને નેટ ઝીરો કાર્બન અભિયાનને હાંસલ કરવાની દિશામાં સરકાર અને સુરત મહાનગરપાલિકા કામ કરી રહયું છે. શહેરમાંથી પોલ્યુશન અને કાર્બન એમિશનને ઘટાડવા માટે પ્રયાસ કરાઇ રહયો છે. એના માટે વધુમાં વધુ રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીએ. આ બધી અવેરનેસને લોકો સુધી પહોંચાડવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે.

સુરત મહાનગરપાલિકા એ ગુજરાતની પ્રથમ મહાનગરપાલિકા છે કે જે ફર્સ્ટ આઇપીઓ ગ્રીન બોન્ડ ઇશ્યુ કરશે. સુરત મહાનગરપાલિકા પબ્લિક પાર્ટીશિપેશન સાથે ગ્રીન બોન્ડ ઇશ્યુ કરશે. આ બોન્ડ અંતર્ગત સોલાર, વીન્ડ પાવર પ્લાન્ટ, ઈ–વ્હીકલ ડેપો અને વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ જેવા પ્રોજેકટ હાથ ધરવા માટે આયોજન કરાયું છે. સુરત મહાનગરપાલિકા હવે ઇલેકિટ્રક મોબિલિટીને પ્રોત્સાહન આપી રહી છે.

આ મિટીંગમાં ઉપસ્થિત ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ જગતના આગેવાનો, રોકાણકારો તથા ચેમ્બરના સભ્યોને પણ ગ્રીન બોન્ડની માળખાકીય વિગતો, ઉપયોગિતા તથા રોકાણની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.